વર્ષ ૧ | અંક ૨ | ઓગસ્ટ, ૨૦૨૨

“એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ...”

# પેરન્ટોલોજી

## મા મને તું રોક’ નહીં...

મા મને તું રોક નહીં, આ જીવનના પહાડ પર,
પા... પા... પગલી કરી કરીને, સહજ મને તું ચડવા દે.

અરે વાગશે, અરે લાગશે, આમ ન કરતાં કેડી ઉપર,
જે થતું તે થાય ભલે, મા મને તું પડવા દે.

સુટેવોના પાઠ મને, ફરી ફરી મુખપાઠ થકી,
નથી સમજવા એમ જ મારે, જાતે જાતે ભણવા દે.

ભૂગોળ મારી ભલે ઘડે તું, ભલે પાડતી ભાત,
જીવન પથનાં ખરાં ગણિત, જાતે જાતે ગણવા દે.

પાયામાં તું નાખ શિખામણ, ભલે ચડાવે રંગ,
જીવનની આ ઊંચી ઇમારત, સ્વ-મહેનતે ચણવા દે.

ક્યાં લગી તું પકડે આંગળી, ક્યાં ક્યાં આપીશ ટેકો,
નીત નવા પ્રશ્નોની સામે, જાતથી મને લડવા દે.

સ્વપ્નો તારાં લાખ હશે પણ, થશે સઘળા ન્યારા,
આવતીકાલની આંધીનો, તાગ મને તું માણવા દે.



## મને સાંભળો તો ખરાં...

એક નાનો એવો પરિવાર હતો. પતિ, પત્નિ અને એક નાનો દિકરો. રાતના સમયે ભાઈ પોતાના આવક જાવકના હિસાબો કરવામાં વ્યસ્ત હતા અને બહેન દિકરાની બાજુમાં બેસીને હોમવર્ક કરાવી રહ્યા હતાં.

દીકરાની લખવાની ઝડપ જરા ધીમી હતી આથી હોમવર્ક કરાવી રહેલી મમ્મી છોકરા પર ગુસ્સો ઠાલવતી હતી. ગુસ્સાનું કારણ દિકરો લખવામાં ઢીલો છે એ નહીં પણ પોતાની મનપસંદ સિરીયલ જોવાનો ટાઈમ થવા આવ્યો છે અને હજુ હોમવર્ક પૂરુ નથી થયુ એ હતું.

બહેનનો ગુસ્સો થોડો વધ્યો અને હવે પોતાના પતિ પર તાડુકયા, “તમે પણ આ છોકરાનું કંઈ ધ્યાન રાખતા નથી. આ છોકરો જેટલો મારો છે એટલો જ તમારો પણ છે, તમારી પણ ફરજ છે કે તમે એની પાસે બેસો અને હોમવર્ક કરાવવામાં મદદ કરો.” પત્નિને ઉંચા અવાજે બોલતા જોઈને પતિએ એને કહ્યું, “જરા ધીમે બોલ, દિવાલને પણ કાન હોય છે.”

વાત સાંભળી રહેલા દીકરાએ કહ્યું, “પપ્પા તમે કહેવત ખોટી રીતે બોલ્યા, દિવાલને પણ કાન હોય છે એમ નહીં પરંતુ કાનને પણ દિવાલ હોય છે એમ બોલો.” પિતાએ પુત્રને સમજાવતા કહ્યું, “ના બેટા, હું કહેવત બરાબર જ બોલ્યો છું દિવાલને કાન હોય, કદી કાનને તે દિવાલ હોતી હશે ?”

દીકરાએ વેદના સાથે કહ્યું, “પપ્પા જો કાનને દિવાલ ન હોય તો મમ્મીની વાત તમને, તમારી વાત મમ્મીને અને મારી વાત તમને બંનેને સંભળાતી કેમ નથી?”

મિત્રો, હવે આપના ઘરની દિવાલો તો કાન વગરની થઈ ગઈ છે કારણ કે પાડોશીને આપણી વાતમાં કોઈ રસ નથી પણ દુઃખની વાત એ છે કે કાનને દિવાલો થઈ ગઈ છે અને એટલે જ એકબીજાને કહેવાતી વાતો એકબીજા સુધી પહોંચતી જ નથી.



# બાળકોને ખરેખર શું શીખવવું જોઈએ?

**ભણતરમાં સફળ થતાં બાળકો જીવનના ઘડતર અને ગણતરમાં ક્યારેક નિષ્ફળ નીવડે છે. ત્યારે માતા–પિતાએ બાળકના જીવનનું સારુ ચણતર કરવા બાળકોને ખરેખર શું શીખવવું જોઈએ તે દર્શાવતો આ લેખ ચોક્કસ મદદરૂપ થશે.**

- સંજોગો પ્રતિકૂળ હોય ત્યારે તેમાં અનુકૂલન કેમ સાધવું તે પહેલાં શીખવવું જોઈએ. કારણ કે સામાન્ય રીતે બાળકો વિપરીત પરિસ્થિતિમાં જ નિષ્ફળ જતાં હોય છે.
- નિષ્ફળતાએ સફળતાનો એક ભાગ છે અને સફળ થવા નિષ્ફળતાઓ પણ એટલી જ જરૂરી છે. તે તેને શીખવવું જોઈએ.
- સારાં મિત્રો કેમ બનાવવા અને કેમ ટકાવવા અને કઈ મર્યાદામાં મિત્રો સાથે રહેવું તે તેને શીખવવું જોઈએ.
- પોતાનામાં પડેલી talent ને કેમ બહાર લાવવી અને તક મળે તો કેવી રીતે ઝડપવી તે તેને શીખવવું જોઈએ.
- તેને એ ખાસ શીખવવું જોઈએ કે સાદગી, પ્રામાણિકતા, હકારાત્મક વલણ અને સહનશીલતા જીવનના અડીખમ સ્તંભ છે.
- તેને એ શીખવવું જોઈએ કે પૈસા કમાવવા સહેલાં છે પણ બચાવવા બહુ અઘરાં છે. એટલે પૈસાની બચત કેમ કરવી અને તેનું યોગ્ય ઉપયોજન શું તે તેને શીખવવું જોઈએ.
- તેને એ શીખવવું જોઈએ કે પોતાની વસ્તુઓ, નાસ્તો, સાધન બીજા સાથે વહેંચીને વાપરવા અને જરૂરતમંદ હોય તેને પહેલાં આપવા.
- પરિસ્થિતિ મોં ફેરવી લે અને નિષ્ફળતાઓ ઘેરી લે ત્યારે પણ પ્રયત્ન ચાલુ રાખવાથી આવતીકાલે સફળ થઈશું તેવી જિજીવિષા કેળવતા શીખવવું જોઈએ.
- વસ્તુની કિંમત અને મૂલ્ય વચ્ચેનો તફાવત, બચત અને કરકસર, જરૂરિયાત અને ઈચ્છા, સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેના તફાવત શીખવવા જોઈએ.
- લક્ષ્ય અને અપેક્ષાઓ વચ્ચેનું અંતર લાગણીઓથી વણવાને બદલે પરિશ્રમના પસીને કેમ વણી શકાય તે શીખવવું જોઈએ.
- મિત્રો કે સંબંધીઓ અવગણે ત્યારે કે ઊતારી પાડે ત્યારે તેને પડકાર ગણી જીવનમાં ઊભા કેમ થવું તે શીખવવું જોઈએ.
- બાળકને એ શીખવવું જરૂરી છે, કે પરીક્ષા શું આવડે છે તેના માટે નહીં, શું નથી આવડતું તે જાણવા માટે છે અને પરીક્ષા તમારી આવડત, કૌશલ્ય, ક્ષમતા, રજૂઆત અને ચબરાકપણાની કસોટી કરે છે, નહીં કે ફક્ત જ્ઞાનની.
- વસ્તુઓ ખરીદવી કેમ, વજન કેમ ચકાસવું, માપના તફાવતો, જુદાં–જુદાં પ્રમાણ, બસ સ્ટેશન, રેલવે–સ્ટેશન, પોસ્ટ–ઓફિસ કે બેંકનાં વ્યવહારો અને ટેલિફોન નંબર તેને ખાસ શીખવવા જોઈએ.
- વિપરિત સંજોગોમાં જરૂરી પોલીસ અને ઈમરજન્સીનાં નંબરો, ઈમરજન્સી કોડ વાપરવાની રીત અને ઘરે એકલાં હોય ત્યારે સલામતીની બાબતો, શાળાએ આવવા અને જવા માટેની આચારસંહિતા શીખવવી જોઈએ.
- અજાણ્યા માણસો સાથે કેમ વ્યવહાર કરવો, આકસ્મિક તેમજ કુદરતી આફતો વચ્ચે શાંત અને સ્વસ્થ કેમ રહેવું તે ખાસ શીખવવું જોઈએ.
- વિપરિત સંજોગોમાં મદદ મળશે જ તેવી આશા જીવંત કેમ રાખવી તેવું ખાસ શીખવવું જોઈએ. તે માટે સારી વાર્તાઓ અને ફિલ્મોનો ઉપયોગ થઈ શકે.
- સારી સભ્યતા, બીજાની પ્રશંસા કરવાની આદતો, સારા શબ્દો, શિષ્ટાચાર, ટેલિફોન પર વાતચીત કરવાની રીત તથા ગુસ્સાને કાબુ કરવાની રીત ખૂબ પ્રયત્નપૂર્વક માતા–પિતાએ બાળકને શીખવવું જોઈએ.

**– જયદેવ સોનગરા (પુસ્તક–પરવરિશ)**



# પિતાનો વિશ્વાસ, પુત્રની શકિત...

૧૯૯૮ માં હું અઢારેક વરસનો હોઈશ. કૉલેજ પૂરી થયા બાદ સાંજે હું એકાઉન્ટના ટયૂશનમાં જતો. હું બહિર્મુખી વ્યકિત છું, અને કોઈપણ સમયે હું બોલવામાં કયારેય પાછો પડતો નથી. એક દિવસ વર્ગ પૂરો થયા બાદ મુખ્ય સડક પર હું અને મારો મિત્ર ઋષભ અમારા ભવિષ્યની વાતોમાં પરોવાઈ ગયા અને અમને સમયનું ભાન ન રહ્યું અને બે એક કલાક પસાર થઈ ગયા આમ રાતના સાડા નવ વાગી ગયા.

મારા પિતાને ચિંતા થઈ અને મને શોધતા આવી પહોચ્યાં. તેમણે અમને સડક પર વાતોમાં લીન ઊભા રહેલા જોયા. મારા પિતાજી ખરેખર કડક છે, હું અને મારો ભાઈ તેમનો ગુસ્સો ન ભડકી ઊઠે તે માટે હંમેશા સાવધ રહેતા હોઈએ છીએ. તેથી મારા પિતાને જોતાં જ હું ભયગ્રસ્ત થઈ ઊઠયો. ઋષભની હાજરીમાં દેખાડો કરવા હું માનસિક રીતે તૈયાર હતો. પરંતુ મારા પિતા હસ્યા અને તેમણે કહ્યું, 'ચાલ હવે ઘરે. ખૂબ મોડું થઈ ગયું છે.' મેં નિરાંતનો દમ લીધો કે તેમણે મને મારા મિત્રની હાજરીમાં કફોડી સ્થિતિમાં ન મૂકયો, પરંતુ મને શંકા હતી કે એક વાર ઘરે પહોંચ્યા કે મારું આવી જ બનવાનું છે.

પરંતુ સુખદ આશ્ચર્ય પામતાં મેં જોયું કે તેમણે મને બેસાડયો અને માત્ર એટલું જ કહ્યું કે : 'સાંભળ, મને તારા કોઈ મિત્રો સાથેની તારી દોસ્તી સાથે કોઈ વાંધો નથી, મને તારામાં પૂરો વિશ્વાસ છે. પરંતુ દરેક ચીજ માટે એક સમય અને સ્થળ હોય છે. તું તારા મિત્રોને અહીં ઘરે આમંત્રણ આપી શકે છે કે પછી તું તેમના ઘરે મુલાકાત લઈ શકે છે. મોડી રાત્રે રસ્તા પર તને વાતો કરતો જોઈ કોઈ સાવ અજાણી વ્યકિત તારા માટે કંઈ ખોટું ધારી લે તે હું નથી ઈચ્છતો. અને તારી સલામતી ખાતર પણ એ બાબતનો ખ્યાલ રાખ કે તું આટલી મોડી રાત સુધી ઘર બહાર ન રહે.'

કોઈકે કહેલી એક સાચી વાતનો મને વિચાર આવી ગયો: 'લોકો જેવા હોવા જોઈએ તેવા જ છે તેવો તેમની સાથનો વ્યવહાર રાખો, અને તેમ કરી તમે તેમને તેઓ જેવા બનવાને સક્ષમ છે તેવા બનવામાં મદદ કરશો.' કદાચ પિતાજીને એ સમજાયું હતું કે તેમણે તેમની છાતી પરથી હવે ચિંતાઓને વિદાય આપવી જોઈતી હતી, કારણ કે તેઓ હવે સમજવા લાગ્યા હતા કે હું સંવેદનશીલ કહેવાય તેવી ઉંમરનો થઈ ગયો હતો. તેમને એવું કહેતાં સાંભળવા કે તેમને મારામાં ઊંડો વિશ્વાસ હતો તે મારા માટે એક પ્રોત્સાહજનક બાબત હતી. મોડી રાતના તે સંજોગને કારણે તેમજ મારા તે મિત્ર સાથેના સંગાથને કારણે તેઓ પોતાની રીતે કોઈ અનુમાન પર પહોંચી શકયા હોત અને હંમેશ મુજબ મારા પર કડક શિસ્ત લાદી દીધી હોત. તેમને આટલી ઠંડકથી બોલતા અને જાણે કે મારી લાગણીઓનું પણ કોઈ મહત્વ છે તે રીતે તેમની વાત સમજાવતા જોઈ હું ખુશ થયો. તે દિવસે મને લાગ્યું કે તેઓ મારો આદર કરતા હતા. અને મારી સાથે એક પુખ્ત વયની વ્યકિત સાથે કોઈ વર્તે તે રીતે વર્ત્યા હતા. દરેક તરુણ વ્યકિત – તરુણ કે તરુણી – મનોમન આવી જ ઈચ્છા રાખતી હોય છે.

એક તરુણ તરીકે તમે તમારું પોતાનું એક અલગ જ વ્યકિતત્વ અને અહંકારની ભાવના પણ ધરાવો છો. તે સમયે જો મારા પિતાજીએ ત્રાડ પાડી હોત તો હું જીવનભર માટે મારા મીત્રની હાજરીમાં મને ઉતારી પાડયાની યાદથી ઊર્મિકીય રીતે ગભરાઈ ગયો હોત, અને તેણે અમારા પિતા–પુત્ર વચ્ચેના પહેલેથી જ ચાલ્યા આવતા નાજુક સંબંધને રફેદફે કરી નાખ્યો હોત.

તે દિવસે એક રહસ્યને છતું કર્યું હતું. તેણે મારા પિતા તરફની મારી વર્તણુકને રૂપાંતરીત કરી નાખી હતી અને તેમણે મારામાં જે વિશ્વાસ મૂકયો હતો તેનો મને ગર્વ થયો હતો. તે ઘડીથી મેં મારા મનમાં ગાંઠ બાંધી લીધી કે કોઈ પણ રીતે મારે મારાં મા–બાપનો વિશ્વાસભંગ ન કરવો. હું તેમને હંમેશા મારા ઠામ–ઠેકાણાની, મારા મિત્રો સાથેની મારી મુલાકાતોની અને હું જે કરવા માટેની યોજનાઓ ઘડતો હોઉં છું તેના નિર્ણયોની જાણ કરતો રહું છું.

**– ચીકન સૂપ : ભારતીય તરુણ આત્માઓ માટે પુસ્તકમાંથી સાભાર**



# નાની પણ ગહન અર્થ ધરાવતી શિખામણો...

પોતાના પુત્રને કાંઈક ભેટ આપવાની એક પિતાની હોંશમાંથી એક નાની રૂપકડી ચોપડીની ઉત્પતિ થઈ. ચોપડીનું નામ છેઃ 'લાઈફસ લિટલ ઈન્સ્ટ્રશન બુક'. અને તેનાં લેખક છે. જેકસન બ્રાઉન. તેનાં દરેક પાને સાદાં શબ્દોમાં બે–ચાર નાનીનાની શિખામણો મોટા અક્ષરે છાપેલી છે. જે દરેક માતા–પિતા માટે ઉપયોગી થશે.



- સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે, ભલે પછી એ કદી નહીં વંચાય એમ લાગે.
- કોઈના પણ વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહીં. ચમત્કારો દરરોજ બનતા હોય છે.
- દરેક બાબતમાં ઉત્તમતાનો આગ્રહ રાખજે અને તેની કિંમત ચૂકવવા તૈયાર રહેજે.
- તંદુરસ્તી એની મેળે જળવાઈ રહેવાની છે, એમ માનતો નહીં.
- આપણાથી જરીક જેટલું જ થઈ શકે તેમ છે. એવું લાગે, માટે કશું જ ન કરવું એમ નહીં. થોડુંક પણ તારાથી થઈ શકે તેમ હોય તે કરજે જ. સંપૂર્ણતા માટે નહીં પણ શ્રેષ્ઠતા માટે મથજે.
- જે તુચ્છ છે તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે.
- ઘસાઈ જજે, કટાઈ ન જતો, પોતાની જાતને સતત સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે.
- હારમાં ખેલદિલી બતાવજે. જીતમાં ખેલદિલી બતાવજે. પ્રશંસા જાહેરમાં કરજે. ટીકા ખાનગીમાં.
- લોકોમાં જે સારપ રહેલી હોય તે ખોળી કાઢજે.
- તારા કુટુંબને તું કેટલું ચાહે છે તે દરરોજ તારા શબ્દો વડે. તારી વિચારશીલતા વડે બતાવતો રહેજે.
- પોતાની જાતમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો આંક કદી ઓછો ન આંકવો. બીજાઓમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો વધુ પડતો આંક ન આંકવો.
- ક્યારે મૂંગા રહેવું તેનો ખ્યાલ રાખજે. ક્યારે મૂંગા ન રહી શકાય તેનો પણ.
- બીજાઓની સફળતા વિશે ઉત્સાહ અનુભવજે. બીજા લોકોને એમનું પોતાનું મહત્ત્વ અનુભવાય તેમ કરવાની તકો શોધતો રહેજે.
- એવી રીતે જીવજે કે તારાં બાળકો જયારે પણ ઈમાનદારીનો, નિષ્ઠાનો અને પ્રામાણિકતાનો વિચાર કરે ત્યારે એ તને સંભારે.
- જેમને એ વાતની કદી જાણ પણ થવાની ન હોય એવા લોકો માટે કશુક સારું કરતા રહેવાની આદત કેળવજે.
- વિચારો મોટા મોટા કરજે, પણ નાના નાના આનંદો માણી લેજે.
- દિમાગ મજબૂત રાખજે, કાળજું કૂણું. જે ગાંઠ છુટી શકે તેને કદી કાપતો નહીં.
- કોણ સાચું છે તેની ફિકર કરવામાં સમય ઓછો ગાળજે. અને શું સાચું છે તે નક્કી કરવામાં વધારે.
- દરેક ચીજ જે હાલતમાં આપણને મળી હોય તેનાં કરતાં જરાક સારી સ્થિતિમાં તેને મૂકતા જવાની ભાવના રાખજે.
- એટલું સમજજે કે સુખનો આધાર માલમિલકત, સત્તા કે પ્રતિષ્ઠા ઉપર નહીં, પણ આપણે જેમને ચાહતા અને સન્માનતા હોઈએ તેવા લોકો સાથેના સંબંધો પર રહે છે.
- મને એની ખબર નથી એમ કહેતા ડરતો નહીં, 'મારાથી ભૂલ થઈ ગઈ' એમ કહેતાં અચકાતો નહીં. 'હું દિલગીર છું', એટલું બોલતા ખચકાતો નહીં.

– **મહેન્દ્ર મેઘાણી** (સંકલન કર્તા)


**VASISHTHA GROUP OF SCHOOL**

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
જુ.કે.જી. થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
www.vasishtha.net

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.**
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net

Vasishtha group of school